**વંચાણે લીધા :- પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરના નીચે જણાવેલ જાહેરનામાં ક્રમાંક:**

(૧) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૩૧/૨૦૧૮ તા.૨૬/૯/૨૦૧૮
(૨) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૧૨/૨૦૧૯ તા.૨૭/૫/૨૦૧૯
(૩) જાહેરનામાં ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૨૬/૨૦૧૯ તા.૧૬/૧૦/૨૦૧૯

**જાહેરનામું**
**પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૦/૨૦૨૦**
**તા.૨૬/૦૩/૨૦૨૦**

હું, આશીષ ભાટિયા, **IPS**, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ ની સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં ભારે તથા મધ્યમ પ્રકારના માલવાહક અને પેસેન્જર વાહનોની અવર-જવર ઉપર આમુખથી પ્રસિદ્ધ કરેલ જાહેરનામાથી પ્રતિબંધ અને છુટછાટ આપવામાં આવેલ છે તે અનુસંધાને નીચે મુજબ હુકમ કરુ છું.

**હુકમ** :-

અમદાવાદ શહેર વિસ્તારમાં ભારે તથા મધ્યમ પ્રકારના ભાર વાહક અને પેસેન્જર વાહનોની અવર-જવર ઉપર આમુખ (૧) થી (૩) માં જણાવેલ જાહેરનામાથી પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. પરંતુ હાલનાં સંજોગોમાં કોવિડ-૧૯ વાયરસ અમદાવાદ શહેર અને રાજ્યના અન્ય વિસ્તારોમાં ના ફેલાય, અન્ય લોકોને સંક્રમિત ન કરે તે હેતુસર ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીજી/૨૦/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૨૩/૩/૨૦૨૦ થી સમગ્ર રાજ્ય તેમજ અમદાવાદ શહેરને લોકડાઉન કરવાનો નિર્ણય લેવામાં આવેલ હોય જે જાહેરનામામાં જણાવ્યા મુજબની જીવન જરૂરીયાતની આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ વાહનોને મુક્તી આપેલ છે અને હાલમાં તે મુજબ અમલવારી થઇ રહેલ છે. જેથી આમુખથી પ્રસિદ્ધ કરવામાં આવેલ (૧) થી (૩) મુજબના જાહેરનામા **'રદ્દ'** કરવામાં આવે છે.

આ જાહેરનામાનો અમલ તા.૨૭/૦૩/૨૦૨૦ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૬/૦૩/૨૦૨૦ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૨૬/૦૩/૨૦૨૦
અમદાવાદ શહેર

( આશીષ ભાટિયા )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨,ટ્રાફીક,મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ,અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.